# દિવ્યાંગતા: સમજ અને સશક્તિકરણ

## વિશેલવિન ફાઉન્ડેશન:

**વિશેલવિન ફાઉન્ડેશન** વિશેષ જરૂરિયાત(દિવ્યાંગતા) ધરાવતા ખાસ કરીને ન્યુરોડાયવર્સિટી ક્ષેત્રમાં પોતાના સતત પ્રયાસોથી લોકોના જીવનમાં બદલાવ લાવવા માટે કાર્યરત છે. સમાજના આર્થિક અને સામાજિક જરૂરિયાત ધરાવતા વર્ગના વિકાસ અને પુનરુત્થાન માટે સેવાઓ પૂરી પાળવી તે હમેશ માટે વિશેલવિનના પ્રયાસો રહ્યા છે. દિવ્યાંગ બાળકોની પ્રાથમિક થેરાપીથી માંડી તેમને અને વયસ્ક લોકોને આત્મનિર્ભર બનાવવા તે જ માત્ર વિશેલવિનનું ધ્યેય છે. આ ક્ષેત્ર માટે ખુબ જ ઉપયોગી તેવા વિવિધ કાર્યક્રમો વિશેલવિન દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.બાળકોના અર્લી ઇન્ટરવેન્શન સ્પોન્સરશીપ માટેનો રેણું કાર્યક્રમ, મેડીકલ કેમ્પ, લાઇફ સ્કીલ વર્કશોપ, દિવ્યાંગતા વિષે જાગૃતિ ઝુંબેશ, વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોની માતાઓ માટે વિશેષ જરૂરિયાતના ક્ષેત્ર માટેના ઉચ્ચ અભ્યાસક્રમ માટે પ્રોત્સાહિત કરતી સ્કોલરશીપ, ડાઉન સિન્ડ્રોમ સંબંધિત અવેરનેસ ડોકયુમેન્ટરી, માતા-પિતા માટે માર્ગદર્શન સેમીનાર જેવા વિવિધ કાર્યક્રમો વિશેલવિનના મુખ્ય કાર્યક્રમોમાં સ્થાન ધરાવે છે. વિશેલવિન ફાઉન્ડેશન અત્યાર સુધી રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે 1500 થી વધુ બાળકો અને તેના પરિવાર સુધી પોતાની સેવા પહોચાડી શક્યું છે.

## દિવ્યાંગતા એટલે શું ?

દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો (RPWD) અધિનિયમ, 2016 મુજબ: "દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ" એટલે લાંબા ગાળાની શારીરિક, માનસિક, બૌદ્ધિક અથવા સંવેદનશીલ ક્ષતિ ધરાવતી વ્યક્તિ કે જે અવરોધો સાથેની ક્રિયા- પ્રતિક્રિયામાં, અન્ય લોકો સાથે સમાન રીતે સમાજમાં તેની સંપૂર્ણ અને અસરકારક સહભાગિતાને અવરોધે.

સામાન્ય રીતે આપણા શરીરમાં કોઈપણ અંગનું ન હોવું અથવા અંગ હોવા છતાં તેની કાર્યક્ષમતા વત્તા ઓછા પ્રમાણમાં હોવી એણે આપણે દિવ્યાંગતા કહીએ છીએ. **દિવ્યાંગતા શરીરના અંગોમાં હોઈ શકે, પરંતુ દિમાગમાં ક્યારેય નહીં.**



"તમે જાણતાં જ હશો **અરુણિમા સિન્હા** ને, કે જેના બન્ને પગ ન હોવા છતાં એણે વિશ્વનો સૌથી ઊંચો પર્વત હિમાલય ચડ્યા હતા."



"**હેલન કેલર** ને આપણે સૌ કેવી રીતે ભૂલી શકીએ કે જેઓની બંને આંખો ન હોવા છતાં વિશેષ બ્રેઇલ લિપિની શોધ કરી."

સરળ ભાષામાં કંઈક કરી શકવાની અસમર્થતા એ દિવ્યાંગતા છે. તેનો અર્થ એ કે આપણે બધા એક પ્રકારના અસક્ષમ છીએ. આપણે વ્યક્તિમાં રહેલી ખામીઓના બદલે તેમનામાં રહેલ ખૂબીઓ/શક્તિઓને જોવાની જરૂર છે.

## દિવ્યાંગતાના પ્રકાર:

દિવ્યાંગતા બે પ્રકારની છે એક કે જે આપણે જોઈ શકાય તેવી અને ઓછી જોઈ શકાય તેવી.

### જોઈ શકાય તેવી દિવ્યાંગતા



### ઓછી જોઈ શકાય તેવી દિવ્યાંગતા



રાઇટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટી એક્ટ 2009 મુજબ 21 પ્રકારની દિવ્યાંગતાઓને આવરી લેવામાં આવી છે.

## નવો કાયદો 21 પ્રકારની દિવ્યાંગતાને માન્યતા આપે છે. જે નીચે મુજબ છે.



**1.** રક્તપિત



**2.** ડોફિઝ્મ (ઠીંગણાપણું)



**3.** એસિડ એટેકનો ભોગ બનનાર



**4.** અંધત્વ



**5.** અલ્પદ્રષ્ટી (ઝાંખપ)



**6.** વાણી અને ભાષાની અક્ષમતા



**7.** લોકો મોટર ડિસેબિલિટી (હલન ચલનની દિવ્યાંગતા)



**8.** સાંભળવાની ક્ષતિ



**9.** મંદબુદ્ધિ અને ઓટિઝ્મ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર



**10.** માનસિક બીમારી



**11.** ક્રોનિક ન્યુરોલોજીકલ કન્ડીશન (જીર્ણ સ્નાયવિક સ્થિતિ)



**12.** મલ્ટિપલ સ્કેલોરોશીશ (બહુવિધ સ્નાયવિક)



**13.** પાર્કિન્સન્સ ડિસીઝ (લકવો)



**14.** બ્લડ ડિસઓર્ડર હિમોફિલીયા



**15.** બ્લડ ડિસઓર્ડર થેલેસેમિયા



**16.** બ્લડ ડિસઓર્ડર સિકલસેલ (રક્તકણોનું તૂટી જવું)



**17.** બહુવિધ દિવ્યાંગતા



**18.** સેરેબલ પાલ્સી (મગજનો લકવો)
આ રોગમાં બંને પગ, ચારેય હાથ-પગ અથવા તો એક બાજુના હાથ-પગમાં ખોડ-ખાંપણ (જેમકે લકવો) થાય છે. તથા સાથે સાથે ઘણીવાર, કાંઇક અંશે મંદબુદ્ધીમતા તથા મગજમાંથી ઉદ્દભવતી ખેંચ થાય છે.



**19.** મસક્યુલર ડિસ્ટ્રોફી (સ્નાયુઓનો નબળાઇ)
અમુક વારસાગત રોગો જે આપણા શરીર ના મસલ્સ ને નબળા બનાવે છે તેને મસ્ક્યુલર ડિસ્ટ્રોફી કહેવા માં આવે છે. શરૂઆત માં તેનો અટેક વોલેન્ટરી મસલ્સ પર રાખવા માં આવે છે. કે જે આપણી હલચલ ને કન્ટ્રોલ કરાવતું હોઇ છે. પરંતુ ધીમે ધીમે તે આપણા શરીર ના બીજી બધી જગ્યાઓ પર પણ અસર કરવા નું શરૂ કરે છે જેમ કે હ્રદય અને બીજા બધા ઓર્ગન્સ.



**20.** ઓટીઝ્મ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (સ્વલીનતાની દિવ્યાંગતા)
ઓટીઝ્મ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ASD) અથવા ઓટીઝ્મ એ ન્યુરોબાયોલોજીકલ ડિસઓર્ડર છે જે સામાજિક સંચાર અને ક્રિયાપ્રતિક્રિયામાં ક્ષતિઓ તેમજ વર્તનની પ્રતિબંધિત અને પુનરાવર્તિત પેટર્ન દ્વારા વર્ગીકૃત થયેલ છે. ઓટીઝ્મ ધરાવતી વ્યક્તિઓને અન્ય લોકો સાથે વાતચીત કરવામાં મુશ્કેલી પડે છે: સંબંધો બાંધવામાં, ભાષાનો ઉપયોગ કરવામાં, તેમની લાગણીઓને નિયંત્રિત કરવામાં અને અન્યના દૃષ્ટિકોણને સમજવામાં.



**21.** સ્પેસિફિક લર્નીંગ ડિસએબિલીટી (ચોક્કસ શીખવા સંબંધિત દિવ્યાંગતા)
નવી અથવા જટિલ માહિતીને સમજવાની અને નવી કૌશલ્યો શી ખવા અને લાગુ કરવાની ક્ષમતામાં નોંધપાત્ર ઘટાડો (અશક્ત બુદ્ધિ).

# દિવ્યાંગતા નિવારણ માટે આપણે શું ધ્યાન રાખવું જોઈએ:

**1.** દરેક સ્ત્રીએ રૂબેલા રસીકરણ કરાવવું જરૂર છે.

**2.** લગ્ન પહેલા પતિ-પત્ની બંનેએ થેલેસેમિયા ટેસ્ટ કરાવવો જરુરી છે.

**3.** બ્લડ ટેસ્ટ જરૂરી (RHESUS (RH) FACTOR)

**4.** ખૂબજ નજીકના લોહીના સંબંધો વચ્ચેના લગ્ન ટાળવા

**5.** 18 વર્ષની ઉંમર પહેલા અને 35 વર્ષની ઉંમર પછી ગર્ભાવસ્થા ગર્ભવતી થાય ત્યારે જોખમવધુ હોય છે.

**6.** ગર્ભાવસ્થાનું પ્લાનિંગ કરતા પહેલા ડૉક્ટરની સલાહ લો.

**7.** જો પ્રથમ બાળક દિવ્યાંગ હોય તો બીજી ગર્ભાવસ્થા આનુવંશિક વિશ્લેષણ વિના ગર્ભાવસ્થાનું આયોજન ન કરવું જોઈએ.

# સમાજ તરીકે આપણે કેવી રીતે યોગદાન આપી શકીએ:

પહેલાતો માતાપિતા તેમના બાળકની દિવ્યાંગતાના કારણે કલંક અનુભવે છે જેથી તે તેમના સામાજિક જીવનમાં ઘટાડો કરે છે અથવા તેમના દિવ્યાંગ બાળકને સામાજિક સહેલગાહમાં સામેલ કરતા નથી. જેથી પહેલાતો માતા-પિતા દ્વારા તે સ્વીકારી અને આગળ વધવું જોઈએ.તેમને બહાર લાવવા અને સામાજિક સહેલગાહમાં તેમને સામેલ કરવા જોઈએ. આપણે દિવ્યાંગ જનોને સમાજથી જેટલા અલગ કરીએ છીએ તેટલા ઓછા લોકો તેની સાથે સંપર્ક કરે છે જેથી સમાજના લોકો તેઓ તેને કેવી રીતે સભાળ કરવી અથવા તેની સાથે કેવી રીતે વર્તવું તે જાણતા નથી. જેમ કે



**સુલભતા:** દિવ્યાંગ જનોને સમાવવા માટે ભૌતિક વાતાવરણ, પરિવહન, માહિતી અને સંચાર સુલભ હોવા જોઈએ. આમાં રેમ્પ, એલિવેટર્સ, માહિતી માટે સુલભ ફોર્મેટ અને અનુકૂલનશીલ તકનીકોનો સમાવેશ થાય છે.



**રોજગાર:** ભેદભાવ, અપ્રાપ્ય કાર્યસ્થળો અને રહેઠાણની અછતને કારણે દિવ્યાંગ જનો ઘણીવાર નોકરીમાં પ્રવેશવા અને રહેવામાં અવરોધોનો સામનો કરે છે. સમાવિષ્ટ ભરતી પ્રથાઓ અને કાર્યસ્થળની સગવડોને પ્રોત્સાહન આપતી નીતિઓ નિર્ણાયક છે.



**હેલ્થકેર:** હેલ્થકેર સિસ્ટમ્સ હંમેશા દિવ્યાંગ જનોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સુલભ અથવા સજ્જ ન હોઈ શકે, જે આરોગ્યસંભાળના પરિણામોમાં અસમાનતા તરફ દોરી જાય છે. વિકલાંગતાની જાગૃતિ માટે પ્રશિક્ષિત આરોગ્યસંભાળ સેવાઓ અને પ્રદાતાઓની મંજુરી મહત્વપૂર્ણ છે.



**સ્વતંત્ર જીવનનિર્વાહ:** દિવ્યાંગ જનો માટે સ્વતંત્ર રીતે જીવવા અને સામુદાયિક જીવનમાં સંપૂર્ણ રીતે ભાગ લેવા માટે સહાયક તકો મહત્વપૂર્ણ છે. આમાં સુલભ આવાસ, વ્યક્તિગત સહાય સેવાઓ અને સમુદાય સાથ અને સહકારનો સમાવેશ થઈ શકે છે.



**વલણ સંબંધી અવરોધો:** દિવ્યાંગ જનો પ્રત્યે નકારાત્મક વલણ અને રૂઢિગત ભેદભાવ તેમને બાકાત તરફ દોરી શકે છે. લોકોને શિક્ષિત કરવા અને જાગૃતિને પ્રોત્સાહન આપવું આ અવરોધોને અટકાવવામાં મદદ કરી શકે છે.



**શિક્ષણ:** દિવ્યાંગ જનો સહિત તમામ વ્યક્તિઓ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચ આવશ્યક છે. આમાં સમાવિષ્ટ વર્ગખંડો, સુલભ શિક્ષણ સામગ્રી અને વિશિષ્ટ સહાયક સેવાઓનો સમાવેશ થાય છે.



**કાનૂની અધિકારો:** દિવ્યાંગ જનોને કાયદા હેઠળ સમાન અધિકારો અને રક્ષણ મળે તેની ખાતરી કરવી એ મૂળભૂત છે. આમાં ભેદભાવ વિરોધી કાયદાઓ, સુલભતા ધોરણો અને ફરિયાદોના નિરાકરણ માટેની પદ્ધતિઓનો સમાવેશ થાય છે.



**સામાજિક સમાવેશ:** સામાજિક સહભાગિતા, મનોરંજક પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટેની તકો સુલભ અને સમાવિષ્ટ હોવી જોઈએ. સમાવિષ્ટ સમુદાયોનું નિર્માણ જ્યાં દરેકને આવકારદાયક અને મૂલ્યવાન લાગે.



**ટેક્નોલોજી:** સહાયક ટેક્નોલૉજીમાં પ્રગતિ નોંધપાત્ર રીતે દિવ્યાંગ જનો માટે સ્વતંત્રતા અને જીવનની ગુણવત્તામાં વધારો કરી શકે છે. આ ટેક્નોલોજીની પરવડે તેવી ક્ષમતા, ઉપલબ્ધતા અને જાગૃતિની ખાતરી કરવી મહત્વપૂર્ણ છે.

આ મુદ્દાઓને સમાવિષ્ટ નીતિઓ, પ્રથાઓ અને વલણ દ્વારા સંબોધિત કરીને, સમાજમાં એવા વાતાવરણનું નિર્માણ કરી શકે છે જ્યાં વિકલાંગ લોકો સંપૂર્ણ રીતે ભાગ લઈ શકે, યોગદાન આપી શકે અને વિકાસ કરી શકે.

# સમાજ સુરક્ષા પ્રભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓ

1. દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી મફત મુસાફરીનો લાભ આપવાની યોજના.
2. દિવ્યાંગ સાધન સહાય યોજના.
3. દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના.
4. ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના.
5. સંત સુરદાસ યોજના.
6. દિવ્યાંગ વ્યક્તિના કુટુંબીજનને વીમા સહાય યોજના.
7. દિવ્યાંગ લગ્ન સહાય યોજના.
8. નિરામયા આરોગ્ય વીમા યોજના.
9. બૌધ્ધિક અસમર્થતા ધરાવતા(મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય આપવાની યોજના.
10. દિવ્યાંગો માટે ઇલેક્ટ્રિક સ્કુટર આપવાની યોજના.

વધારે માહિતી માટે સમાજ સુરક્ષા વિભાગની જિલ્લા કક્ષાની કચેરીનો સંપર્ક કરી શકો છો.

**જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જિ.અમદાવાદ**

**સરનામું:** બ્લોક-બી, ભોંયતળીયે બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-380001.

**કચેરી સંપર્ક નંબર:** 079-25508712




**વિશેલવિન ફાઉન્ડેશનમાં ચાલતા વિવિધ કાર્યક્રમો માટે વધારે માહિતીની આવશ્યકતા હોય તો આપ નીચે આપેલ નંબર પર સંપર્ક કરી શકો છો.**

**ટ્રસ્ટ રજીસ્ટ્રેશન :**
વિશેલવિન બોમ્બે ટ્રસ્ટ એક્ટ 1950 હેઠળ ઇ/22413/અમદાવાદ નોંધણી નંબર સાથે નોંધાયેલ છે. અમે આવકવેરાની કલમ 80(G) તેમજ 12AA મુજબ રજિસ્ટર્ડ ટ્રસ્ટ છે.


902, 9મો માળ, અર્થ અરાઇઝ, એસ.જી. હાઇવે, અમદાવાદ, ગુજરાત

+91 92278 97595

contact@vishalwinfoundation.org

www.vishalwinfoundation.org

/vishalwinfoundation